GJAR040000452025

Received on : 09-01-2025

Registered on : 09-01-2025

Decided on/- : 07-05-2026

Duration-

વર્ષ–01, માસ–03 ,દિવસ–28

सत्यमेव जयते

મે. મેઘરજ ના એડી. સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફ. ક. સાહેબની કોર્ટમાં. મુ. મેઘરજ

ફોજદારી કેસ નં. 37–2025
આંક–

ચડી હબીબભાઈ મજીદભાઈ
ઉ.આ.વ.. ૪૬,
રહે:– ગાંચીવાડા, મેઘરજ,
તા.મેઘરજ, જી. અરવલ્લી ......**ફરીયાદી**

વિરૂધ્ધ

અબ્દુલ રસીદ મહમદભાઈ ખભરાટ
રહે. મદની સોસાયટી, પાણીની ડાંકી સામે,
મેઘરજ, તા.મેઘરજ, જી. અરવલ્લી ...... **આરોપી**

બાબત:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ

::

ફરીયાદપક્ષે : વિ.વ.શ્રી કે.જે પટેલ
આરોપી તરફે : વિ.વ.શ્રી જે.એમ.પ્રજાપતિ

::

::- ચુ કા દો -::

(૧) ફરીયાદીની ફરીયાદ હકિકત ટૂંકમાં એવી છે કે, ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે ના વતની છે અને મેઘરજ મુકામે શીફા મેડીકલ સ્ટોર્સ નામની દુકાન ધરાવી દવા વેચવાનો ધંધો કરે છે આરોપી ફોરવ્હીલર ગાડીઓ નો લે વેચ તો ધંધો કરે છે તથા આરોપી ફરીયાદી ના ફોઈ ના દીકરા થતા હોય સબંધી ના નાતે ફરીયાદી આરોપી ને સારી રીતે ઓળખે છે. આરોપી આજથી એક માસ અગાઉ ફરીયાદી પાસે આવેલા અને તેમને ગાડીઓના ધંધા માટે અચાનક રૂા. ૫૭૦૦૦૦/- (અંકે રૂપિયમા પાંચ લાખ સીત્તેર હજાર પુરા) ની હાથ ઉછીની રકમની તાત્કાલીક જરૂરીયાત હોય આરોપીએ ફરીયાદી પાસે હાથ ઉછીની રકમ ની માગણી કરેલી અને સદરહુ રકમ એક માસમાં પરત ચુકવી આપવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપતાં ફરીયાદીએ ધંધાની આવકમાંથી તથા પોતાની બચતમાંથી આરોપી ને તે વખતે રૂા. ૫૭૦૦૦૦/- (અંકે રૂપિયમાં પાંચ લાખ સીત્તેર હજાર પુરા) હાથ ઉછીના આપેલા. જેથી આરોપી એ સદરહુ રકમ ચુકવી આપવા માટે ફરીયાદી ને ભારતીય સ્ટેટ બેંક શાખા મેઘરજ નો તા. ૧૩/૧૧/૨૦૨૪ ના રોજનો ચેક નં. ૬૩૦૩૪૦ રકમ રૂા. ૫૭૦૦૦૦/- (અંકે રૂપિયમા પાંચ લાખ સીત્તેર હજાર પુરા) ભરી સહી કરી આપેલો અને ચેક આપતી વખતે આરોપી એ ફરીયાદીને એવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો કે તમો ચેકમાં જણાવેલ તારીખ પ્રમાણે ચેક બેંક માં રજુ કરશો તો ચેકમાં જણાવેલ પુરી રકમ તમો ને મળી જશે. જેથી ફરીયાદી આરોપીએ આપેલ ચેક સ્વીકારેલો. આરોપી એ આપેલ ચેક ફરીયાદીએ તા. ૧૩/૧૧/૨૦૨૪ ના રોજ સ્ટેટ બેંક ઑફ ઈન્ડીયા મેઘરજમાં તેમના ખાતામાં જમા કરાવેલ જેથી સદર ચેક કલીયરન્સ થવા માટે આરોપી ખાતામાં જતા આરોપી ના ખાતામાં પુરતુ ભંડોળ ન હોઈ સદર ચેક વગર સ્વીકારાયે " ફંડસ ઈનસફીશીયન્ટ' ના શેરા સાથે પરત થયેલો જેની જાણ ફરીયાદીના ખાતા વાળી બેંકે તા ૧૩/૧૧/૨૦૨૪ ના રોજ ચેક મેમા સહિત પરત કરી ફરીયાદીને જાણ કરેલ. જેથી ફરીયાદી એ આરોપી ને જાણ કરવા છતાં આરોપી એ સદર રકમ ચૂકવી આપવા અંગે કોઈ સંતોષકારક જવાબ આપેલ નથી. જેથી ફરીયાદી એ વકીલ શ્રી મારફતે આરોપીને તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ રજી. એડી મારફતે

નોટીસ આપેલ જે નોટીસ આરોપી ને તા. ૦૨/૧૨/૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપી એ ફરીયાદીને ચેક મુજબ ની લેણી રકમ ચૂકવી આપેલ નથી જેથી સદર ફરીયાદ આપ ના. કોર્ટ માં દાખલ કરવાની જરૂરીયાત ઉત્પન થયેલ છે. આમ, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ શીક્ષા પાત્ર ગુનો કરેલ હોય, હાલની ફરિયાદ કરવાની ફરજ પડેલ છે.

(૨) ઉપર મુજબ ફરીયાદીની ફરીયાદ આરોપી સામે દાખલ કરવામાં આવતાં આરોપી સામે ધી નેગોશીયેબલ એકટ કલમ–૧૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલો. જે મુજબ આરોપીને સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં **આંક–૧૩** થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં હાલનો કેસ ગુણદોષ પર આગળ ચલાવવામાં આવેલો.

(૩) હાલના કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

–: ફરીયાદી તરફે રજુ મૌખિક પુરાવા :–

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદપક્ષે ફરીયાદી નું પુરાવાનું સોગંદનામું	૦૪

–: ફરીયાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા:–

ક્રમ	વિગત	આંક
૧	આરોપીએ આપેલ ચેક અસલ નં. ૬૩૦૩૪૦	૦૬
૨	ચેક રીટર્ન મેમોની અસલ નકલ	૦૭
૩	ફરિયાદીએ વકીલશ્રી મારફતે આરોપીને આપેલ કાયદેસરની ડિમાન્ડ નોટીશ	૦૮
૪	આરોપીને રજી. પો. એડી. થી આપેલ નોટીસની પોસ્ટ ખાતાની પહોંચ અસલ	૦૯
૫	આરોપીને રજી.પો.એ.ડી.થી મોકલેલ નોટીશ આરોપીને બજી ગયેલ તે બાબતનુ ટ્રેક કન્સાઈમેન્ટ પાવતી.	૧૦

૬	શીફ્રા મેડિકલનુ નાગરીક સહકારી બેંકનુ સને ૨૦૨૩–૨૦૨૪ નુ કરન્ટ ખાતાનુ ઓનલાઈન બેંક સ્ટેટમેન્ટ	૨૨
૭	ઈન્કમટેક્ષ રીટર્નની સને ૨૦૨૩–૨૪ ની નકલ	૨૩
૮	શીફ્રા મેડિકલનુ નાગરીક સહકારી બેંકનુ સને ૨૦૨૩–૨૦૨૪ નુ લોન ખાતાનુ ઓનલાઈન બેંક સ્ટેટમેન્ટ	૨૪
૯	ફ્રીયાદીનુ નાગરીક સહકારી બેંકનુ સને ૨૦૨૩–૨૦૨૪ ના સેવિંગ્સ ખાતાનુ ઓનલાઈન બેંક સ્ટેટમેન્ટ	૨૫
૧૦	ફ્રીયાદીનુ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા બેંકનુ સને ૨૦૨૩–૨૦૨૪ નુ ઓનલાઈન બેંક સ્ટેટમેન્ટ	૨૬
૧૧	ફ્રીયાદીના પાનકાર્ડ ની નકલ	૨૭

ફરીયાદીનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદીએ **આંક–૨૮** થી આ કામે કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૪) ત્યારબાદ આ કામે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ ફરીયાદપક્ષની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને આરોપી તરફે પોતે સોગંદ ઉપર પુરાવો આપવા માંગે છે, બચાવના સાહેદો તપાસવા માંગતા હોવાનુ જણાવેલ છે. વધુમાં આરોપીએ તેમના ૩૧૩ ના નિવેદન માં વિશેષ જણાવેલ છે કે, “અમો નિર્દોષ છીએ, આરોપીએ કહેવાતો કોઈ ચેક આપેલ નથી અને આરોપીના કહેવાતા ચેક વિશે કાંઈ જાણતા નથી અને આરોપીએ ફ્રીયાદીને કોઈ ચેક આપેલ નથી. ”

ત્યારબાદ આરોપીપક્ષે આંક– ૩૦ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ રાખવો નથી તેવુ જણાવેલ છે.

(૫) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તથા આરોપીપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે. તેમજ ફ્રીયાદપક્ષે તેમની દલીલ સમયે નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

- RAJARAM S/O SRIRAMULU NAIDU(SINCE DECEASED) THROUGH L.RS V/S MARUTHACHALAM (SINCE DECEASED) THROUGH L.RS (2023)
- REKHA PRASAD USHIR V/S SAPTASHRUNGI MAHIFA NAGARI SAHKARI PATSANSTA LTD.(2025)
- BASLINGAPPA V/S MUDIBASAPPA

(૬) ત્યાર બાદ કોર્ટ સમક્ષ નો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદા અત્રેની કોર્ટ ના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

મુદ્ધાઓ

૧. શું ફરીયાદ પક્ષ નિશંક પણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ પોતાના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોવા છતા ફરીયાદીનુ કાયદેસરનું લેણુ ચુકવવા માટે ભારતીય સ્ટેટ બેંક શાખા મેઘરજનો તા. ૧૩/૧૧/૨૦૨૪ ના રોજનો ચેક નં. ૬૩૦૩૪૦ રકમ રૂા. ૫૭૦૦૦૦/– (અંકે રૂપિયમા પાંચ લાખ સીત્તેર હજાર પુરા)નો ફરીયાદીને આપેલ અને તે ચેક અપુરતા ભંડોળના કારણે વગર ચુકવણીએ પરત થતા ફરીયાદીએ આપેલ નોટીસનું પાલન નહી કરીને નોટીસ મુજબની ચેકની રકમ ચુકવી નહી આપીને આરોપીએ ધી નેગોશ્યેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર કુત્ય કરીને તે મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨ . શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : હકારમાં

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

// <u>કારણો</u> //

<u>મુદા નં.૧</u> :–

(૯) આ કામે પડેલાં પુરાવાઓની ચર્ચા કરીએ તો, આ કામે સૌપ્રથમ ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ તરીકે આ કામના ફરીયાદી **ચડી હબીબભાઈ મજીદભાઈ**એ **આંક–૦૪** થી પોતાની સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરતી ફરીયાદની હકીકત જણાવેલ હોય જેથી તેનું પુનરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.

સદર ફરીયાદીની ઉલટતપાસ આરોપીનાં વિ.વ.શ્રી **જે.એમ.પરમાર** દવારા કરવામાં આવેલ છે. **જેમાં આરોપીપક્ષે મુખ્ય તકરાર લીધેલ છે કે,ફ્રીયાદી કહેવાતા ચેકની રકમ આપવા સક્ષમ નથી.** તે અનુસંધાને ફ્રીયાદીની ઉલટતપાસ ધ્યાને લઈએ તો ફ્રીયાદી તેમની જુબાનીમાં કબુલે છે કે, “ જે તે સમયે તેમની પાસે રૂા. ૫,૭૦,૦૦૦/– ની આવક હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તા.૧૩/૧૧/૨૦૨૪ કે તે પહેલા તેમના ખાતામાં રૂા.૫,૭૦,૦૦૦/– ની રકમ જમા હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તા.૧૩/૧૧/૨૦૨૪ ના રોજ કે તે પહેલા તેમની પાસે કહેવાતી રૂા.૫,૭૦,૦૦૦/– ની રકમ હોય તેવો પુરાવો આ કામે રજુ રાખેલ નથી. સને ૨૦૨૩–૨૪ માં સીફા મેડીકલ સ્ટોરથી રૂા.૫,૭૦,૦૦૦/– ની આવક થયેલ હોય તેવો પુરાવો આ કામે રજુ રાખેલ નથી.”

ત્યારબાદ ફ્રીયાદપક્ષે જરૂરી શીફા મેડિકલના તથા તેમના બેંક અકાઉન્ટના ખાતાના સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે. સદર દસ્તાવેજો રજુ રાખ્યા બાદ આરોપીપક્ષે ફ્રીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ. જેમાં ફ્રીયાદી કબુલે છે કે, "તા.૧૩/૧૦/૨૦૨૪ ના રોજ પહેલા તેઓએ તેમના ખાતામાંથી રૂા.૫,૭૦,૦૦૦/– એક સાથે ઉપાડેલ હોય તેવી કોઈ એન્ટ્રી

નિ.૧૯/૧ (આંક–૨૨)વાળા બેંન્ક સ્ટેટમેન્ટમાં નથી. તા.૧૩/૧૦/૨૦૨૪ ના રોજ રૂા. ૫,૭૦,૦૦૦/– ની રકમ મારા ખાતામાથી એક સાથે ઉપાડી આરોપીને આપેલ હોય તેવુ બનેલ નથી. તા.૦૩/૧૦/૨૦૨૪ના રોજ રૂા.૩,૦૦,૦૦૦/– તથા તા.૦૫/૧૦/૨૦૨૪ ના રોજ રૂા.૨,૦૦,૦૦૦/– તથા તા.૦૭/૧૦/૨૦૨૪ ના રોજ રૂા.૭૦,૦૦૦/– તેઓએ ઉપાડેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે, મારા ત્યાં કામ કરતો કિરણે મારા ખાતામાંથી ઉપાડેલ છે. કિરણે જે દિવસે તેમના ખાતામાંથી રૂપિયા ઉપાડયા તે દિવસ કિરણે આરોપીને કહેવાતા રૂપિયા આપેલા હોય તેવુ બનેલ નથી. તેઓએ આરોપીને કહેવાતી રૂા.૫,૭૦,૦૦૦/– ની રકમ ટુકડ ટુકડે આપેલ હોય તેવી હકીકત તેમની ફરીયાદ, નોટીસ કે સ.ત.માં જણાવેલ નથી. કહેવાતી રૂા.૫,૭૦,૦૦૦/– ની રકમ કયાં ધંધાની આવકમાંથી બચત કરી આરોપીને આપેલ તે હકીકત ફરીયાદમાં જણાવેલ નથી."

આમ, આરોપીપક્ષની તકરાર સબંધી ફરીયાદીની ઉલટતપાસ અને તે સાથે રજુ આંક– ૨૨ નુ શીફા મેડિકલનુ કરન્ટ ખાતાનુ બેંક સ્ટેટમેન્ટ ધ્યાને લેતા તા. ૧/૧૦/૨૦૨૪ ના રોજનુ ઓપનીંગ બેલેન્સ રૂા.૧૪,૨૩,૯૧૨/– છે. ત્યારબાદ ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ તા.૦૩/૧૦/૨૦૨૪ના રોજ રૂા.૩,૦૦,૦૦૦/–, તા.૦૫/૧૦/૨૦૨૪ ના રોજ રૂા.૨,૦૦,૦૦૦/– તથા તા.૦૭/૧૦/૨૦૨૪ ના રોજ રૂા.૭૦,૦૦૦/– ફરીયાદીના માણસ કીરણે ચેક થી કેશ ઉપાડેલ હોવાની એન્ટ્રી છે. જે રકમ ફરીયાદીના કહેવા મુજબ આરોપીને આપેલ છે. આમ, ફરીયાદી પાસે કહેવાતી રકમ જે તે દીવસે હતી તેવી હકીકત સદર એન્ટ્રીઓ જોતા ફલીત થાય છે. જેથી ફરીયાદી કહેવાતી રકમ આપવા સક્ષમ ન હતા તેવી આરોપી પક્ષની દલીલ સાથે કોર્ટ સહમત નથી.

(૧૦) વધુમાં, આરોપીપક્ષે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરિયાદીએ સ્વીકાર્યું કે તેમનું IT રિટર્ન 'નીલ' (Nil) છે અને તેમાં આરોપીને નાણાં ધીર્યા હોવાનો કોઈ ઉલ્લેખ નથી. આરોપી પક્ષની આવી તકરાર સબંધી આંક– ૨૩ થી રજુ આઈ.ટી.આર રીટર્ન ધ્યાને લઈએ તો તેના સ્ટેટસમાં વ્યકિતગત (Individual) લખેલ છે તેમજ તે એસેસમેન્ટ વર્ષ ૨૦૨૩–૨૦૨૪ નુ છે. તેમાં ફાઈલીંગ ડેટ ૨૭–૦૭–૨૦૨૩ લખેલ છે. આમ, તે ફરીયાદીનુ વ્યકિતગત (Individual) તા. ૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૪ નુ આઈ.ટી.આર છે. ફરીયાદીની ફરીયાદ મુજબ કહેવાતો વ્યવહાર તા. ૧૩/૧૧/૨૦૨૪ ના રોજનો છે. જેથી કહેવાતા વ્યવહારની નોંધ આઈ.ટી.આર રીટર્નમાં ન હોય તે સ્વભાવિક છે. વધુમાં, ફરીયાદી તેમની ઉલટતપાસમાં કબુલે છે કે, “પાર્ટીને રૂપિયા આપેલ છે તેવુ ઓડીટમાં જણાવેલ નથી.” જેના પરથી માની લેવામાં આવે કે, ફરીયાદીએ તેના આઈ.ટી રીટર્ન અને ઓડીટમાં કહેવાતી રકમ બતાવેલ નથી. પરંતુ તેટલા માત્રથી આરોપીનો ફરીયાદી સાથે કહેવાતો વ્યવહાર થયેલ જ નથી કે, ફરીયાદી પાસે તેની કેપેસીટી ન હતી કે ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ નથી કે ફરીયાદીએ કહેવાતી રકમ આરોપીને આપેલ નથી તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. વધુમાં, આંક– ૨૨ થી રજુ બેંક સ્ટેટમેન્ટ શીફા મેડિકલનુ છે. તેમજ તે બેંક સ્ટેટમેન્ટ ધ્યાને લેતા, ફરીયાદી પાસે કહેવાતી રકમ હતી અને તે રકમ ઉપાડીને આરોપીને આપેલ છે તેવુ અગાઉ ચર્ચા કર્યા મુજબ પુરવાર થઈ ગયેલ છે ત્યારે આરોપીપક્ષ્અની દલીલ માનવા લાયક જણાતી નથી.

(૧૧) વધુમાં, આરોપીએ કહેવાતો તકરારી ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો તે હકીકત જણાવેલ નથી. ફરીયાદીની જુબાનીમાં આરોપીપક્ષ એવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે કે, “ફરીયાદી, આરોપી અને મેઘરજ ના અન્ય માણસો એમ કુલ ૧૫ માણસો વચ્ચે વી.સી. ચાલતી હતી. તે

વી.સી.ના ચાલક ફ્રીયાદી હતા અને તેઓ વી.સી. ચાલુ કરતા પહેલા બધા પાસેથી બ્લેન્ક ચેક લેતો હતો." પરંતુ આ સંદર્ભે આરોપીપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ નથી અને ફ્રીયાદીએ તેમની ઉલટતપાસ દરમ્યાન તેવી હકીકત નો ઈન્કાર કરેલ હોય, જેથી ફ્રીયાદીની જુબાનીથી તે હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં, આરોપીને જયારે ફ્રીયાદપક્ષે આંક– ૮ વાળી નોટીશ મોકલાવેલ ત્યારે આરોપીપક્ષ કહેવાતા બચાવ જણાવી નોટીશનો જવાબ આપી શકયા હોત પરંતુ આરોપીપક્ષે આાંક– ૮ ની નોટીશનો કોઈ જવાબ આપેલ નથી. આમ, ફ્રીયાદમાં જણાવેલ કહેવાતા તકરારી વ્યવહાર પેટે જ આરોપીએ ફ્રીયાદીને ચેક આપેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે.

(૧૨) વધુમાં, ફ્રીયાદપક્ષે એવી તકરાર લેવામાં આવેલ છે કે, ફરિયાદી પોતાની મેડિકલ સ્ટોરના રજીસ્ટ્રેશન કે માલિકીના પુરાવા રજૂ કરી શક્યા નથી, જે તેમની વ્યવસાયિક આવકના સ્ત્રોતને શંકાસ્પદ બનાવે છે. આરોપીપક્ષની આવી તકરાર સબંધી સદર કામે રજુ રાખેલ આંક– ૨૨ અને ૨૪ ના બેંક સ્ટેટમેન્ટ ધ્યાને લઈએ તો તે ફ્રીયાદીના શીફા મેડિકલનુ બેંક સ્ટેટમેન્ટ છે. તેમજ આંક– ૨૫ થી ફ્રીયાદીનુ સેવિંગ્સ અકાઉન્ટનુ બેંક સ્ટેટમેન્ડ છે. જે તમામમાં મોબાઈલ નં ૯૭૨૭૯૪૪૩૬૬ છે. જેના પરથી તે ત્રણેય ખાતા ફ્રીયાદીના તથા તેમના દ્વારા નિભાવવામાં આવે છે તેવુ અનુમાન થાય છે. જેના પરથી મેડિકલ સ્ટોર ફ્રીયાદીનો જ હોવાનુ અનુમાન થાય છે. તેમજ સીફા મેડિકલ પેઢી ધરાવતા ન હોય તો તેનુ બેંક ખાતુ ના ખુલે તેવી ફ્રીયાદપક્ષની દલીલ સાથે કોર્ટ સહમત છે. જેથી ફ્રીયાદીએ માત્ર મેડિકલ સ્ટોર નુ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજુ રાખેલ ન હોવાથી શીફા મેડિકલ તેમની માલીકીનુ નથી તેવી હકીકત પુરવાર થતી નથી. ફ્રીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાઓ પરથી શીફા મેડિકલ ફ્રીયાદીનુ હોવાનુ અનુમાન થાય છે. તેમજ જો આરોપીપક્ષનુ તેવુ કહેવુ હોય કે શીફા મેડિકલ ફ્રીયાદીનુ નથી તો તેવો કોઈ

ચોકકસ પુરાવો આરોપીપક્ષે રજુ રાખેલ નથી. જેથી આરોપીપક્ષની દલીલ માનવા લાયક જણાતી નથી.

(૧૩) વધુમાં, આરોપીપક્ષે એવી તકરાર લીધેલ છે કે, ફરીયાદ ફકત ચેકથી પુરવાર થતી નથી. ફરીયાદમાં જણાવેલ વ્યવહાર અંગેના પુરાવા રજુ કરવા જરૂરી છે તે સદર કામે રજુ રાખેલા નથી. જેથી ફરીયાદ પુરવાર થતી નથી. આ સંદર્ભે જોઈએ તો,આખા કેસમાં આરોપીપક્ષે આંક– ૬ ના ચેકમાં તેમની સહી નથી તેવો ઈન્કાર કરેલ નથી કે તે ચેક તેમના ખાતાનો ન હોવાની હકીકતનો પણ ઈન્કાર કરવામાં આવેલ નથી. તેમજ તે ચેક કઈ વી.સી અને કેટલાની વી.સી. પેટે ફરીયાદીપાસે પડેલા હતા તેનો પણ કોઈ જ ખુલાસો આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન કરી શકેલ નથી કે ૩૧૩ ના વિશેષ નીવેદન સમયે પણ ખુલાશો કરેલ નથી. વધુમાં, સદર કામે ફરીયાદપક્ષે આંક– ૬ થી ૧૦ અને ૨૨ થી રજુ દસ્તાવેજો પરથી કહેવાતો વ્યવહાર પુરવાર થાય છે. જેથી આરોપીપક્ષની તેવી દલીલ કે જરૂરી દસ્તાવેજો રજુ રાખેલ નથી તે માનવા લાયક જણાતી નથી. વધુમાં, નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં અનુમાન કરવાનુ હોય છે અને જયારે ચેકમાં આરોપીની સહી હોવાનુ તથા તે ચેક આરોપીના ખાતાનો હોવાથી જ અનુમાન થાય છે કે તે ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ છે. તે સંજોગોમાં પણ આરોપીની દલીલ ટકવાપાત્ર નથી.

(૧૪) વધુમાં, આરોપીપક્ષે તેમની દલીલમાં ચુકાદાઓ રજુ રાખેલ છે. જે પૈકી સૌપ્રથમ RAJARAM S/O SRIRAMULU NAIDU(SINCE DECEASED) THROUGH L.RS V/S MARUTHACHALAM (SINCE DECEASED) THROUGH L.RS (2023) ની ઓથોરીટી રજુ રાખેલ છે અને ચુકાદા સબંધી દલીલ કરતા જણાવેલ છે કે, સદર ઓથોરીટીમાં નામ. કોર્ટે એવુ ઠરાવેલ છે કે, “નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકટની કલમ 138 હેઠળ ચેક બાઉન્સના ફોજદારી કેસોમાં, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના સજાના

આદેશને રદ કર્યો અને ટ્રાયલ કોર્ટના નિર્દોષ છૂટવાના નિર્ણયને માન્ય રાખ્યો. કોર્ટે તર્ક આપ્યો કે કલમ 139 હેઠળ ચેક બાબતે દેવાની ધારણા ચોક્કસ હોય છે, પરંતુ આરોપી માત્ર "સંભાવનાની પ્રબળતા" (Preponderance of Probabilities) રજૂ કરીને તેને પડકારી શકે છે. તે કેસમાં, આરોપીએ ઇન્કમ ટેક્સ ઓફિસરની જુબાની અને ટેક્સ રિટર્ન દ્વારા સાબિત કર્યું કે ફરિયાદ પક્ષ પાસે લાખો રૂપિયાની લોન આપવાની આર્થિક ક્ષમતા નહોતી અને તેમણે તેમના રિટર્નમાં આ લોનનો કોઈ ઉલ્લેખ કર્યો નહોતો. આ રીતે આરોપીએ એક મજબૂત સંરક્ષણ (Probable Defence) ઊભું કર્યું, જેનાથી તે ગુનાહિત જવાબદારીમાંથી મુક્ત થયો. બીજી તરફ, પ્રોમિસરી નોટ્સના આધારે નાણાંની વસૂલાત માટેના દીવાની (Civil) કેસોમાં, કોર્ટે હાઈકોર્ટના વસૂલાતના હુકમનામાને યોગ્ય ઠેરવ્યો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ફોજદારી કેસમાં નિર્દોષ છૂટવાથી દીવાની દાવો આપોઆપ રદ થતો નથી, કારણ કે બંનેના કાયદાકીય માપદંડો અલગ છે. દીવાની કેસમાં ફરિયાદ પક્ષે પ્રોમિસરી નોટ્સ સાબિત કરી હતી અને આરોપીએ તેની પત્નીને સાક્ષી તરીકે રજૂ ન કરી હોવાથી કોર્ટે તેની વિરુદ્ધ નકારાત્મક અનુમાન (Adverse Inference) લગાવ્યું હતું. અંતે, કોર્ટે આરોપીને ગુનાહિત સજામાંથી મુક્તિ આપી પરંતુ દીવાની જવાબદારી ચાલુ રાખી, જોકે ચૂકવવાપાત્ર રકમને સુધારીને કોર્ટમાં જમા કરાયેલી રકમ સુધી મર્યાદિત કરી દીધી હતી.”

આ ઓથોરીટી રજુ રાખી આરોપી પક્ષે દલીલ કરેલ છે કે, આ ઓથોરીટી અત્રેના કેસને લાગુ પડે છે કારણકે સદર કામે ફરીયાદીની કહેવાતી રકમ આપવાની સક્ષમતા નથી. આરોપીની દલીલ સંદર્ભે અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપી પાસે જે તે દીવસે કહેવાતી રકમ હતી અને તેના માણસે શીફા મેડિકલ ના અકાઉન્ટમાંથી તે ઉપાડેલ છે જેની એન્ટ્રી આંક– ૨૨ ના બેંક સ્ટેટમેન્ટમાં જોઈ શકાય છે. જેથી, ફરીયાદીની ફાઈનાન્સીયલ કેપેસીટી હોવાનુ પુરવાર થતુ હોય, કહેવાતી ઓથોરીટી હાલના કેસને લાગુ પડે તેમ નથી.

(૧૫) ત્યારબાદ આરોપીપક્ષે તેમની દલીલમાં REKHA PRASAD USHIR V/S SAPTASHRUNGI MAHIFA NAGARI SAHKARI PATSANSTA LTD.(2025) ની ઓથોરીટી રજુ રાખેલ છે. જેમાં ઠરાવેલ છે કે, જો લેણદાર કલમ 138 હેઠળ ચેક બાઉન્સની ફરિયાદમાં મહત્વપૂર્ણ તથ્યો છુપાવે, તો તે પ્રક્રિયાનો દુરુપયોગ ગણાય. બેન્ચે નોંધ્યું કે સંસ્થાએ દસ્તાવેજો છુપાવ્યા હતા, તેથી 'સ્વચ્છ હાથ' (clean hands) સાથે ન આવનાર ફરિયાદી સામેની કાર્યવાહી રદ (Quash) કરવામાં આવી હતી.

આ ઓથોરીટી રજુ રાખી આરોપી પક્ષે દલીલ કરેલ છે કે, “આ ઓથોરીટી અત્રેના કેસને લાગુ પડે છે કારણકે સદર કામે ફ્રીયાદીએ પણ જરૂરી દસ્તાવેજો સદર કામે રજુ રાખેલા નથી. જેથી ફ્રીયાદી ચોખ્ખા હાથે આવેલ નથી.” આરોપીપક્ષની આવી દલીલ સંદર્ભે જોઈએ તો ફ્રીયાદીએ તેમના વ્યવહાર સબંધી તમામ દસ્તાવેજો આંક– ૬ થી ૧૦ અને ૨૨ થી ૨૭ સુધી રજુ રાખેલા છે. જેનાથી તકરારી વ્યવહારની તમામ હકીકતો પુરવાર થાય છે. જેથી આરોપીપક્ષની તેવી દલીલ કે ફ્રીયાદપક્ષે જરૂરી દસ્તાવેજો રજુ રાખેલા નથી તે માનવાલાયક નથી. જેથી રજુ રાખેલ ઓથોરીટી અત્રેના કેસને લાગુ પડતી નથી.

(૧૬) વધુમાં, આરોપીપક્ષે BASLINGAPPA V/S MUDIBASAPPA ની ઓથોરીટી રજુ રાખેલ છે. જેમાં, સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટના દોષિત ઠેરવવાના આદેશને રદ કરીને ટ્રાયલ કોર્ટના નિર્દોષ છૂટવાના નિર્ણયને પુનઃસ્થાપિત કર્યો છે. મુખ્ય મુદ્દો નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની **કલમ 139** હેઠળની "ધારણા" (Presumption) અને તેને કેવી રીતે ખોટી સાબિત કરી શકાય (Rebuttal) તે વિશે છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે જો આરોપી ચેક પરની સહી સ્વીકારે, તો કાયદો એવું માની લે છે કે ચેક દેવાની ચુકવણી માટે જ આપવામાં આવ્યો હતો. જોકે, આરોપીએ આ ધારણાને ખોટી સાબિત કરવા માટે "શંકાથી પર" (Beyond

reasonable doubt) પુરાવા આપવાની જરૂર નથી, પરંતુ માત્ર "સંભાવનાની પ્રબળતા" (**Preponderance of probabilities**) દર્શાવવી પૂરતી છે. તે કેસમાં આરોપીએ સફળતાપૂર્વક સાબિત કર્યું કે ફરિયાદ પક્ષ (નિવૃત્ત બસ કંડક્ટર) પાસે ₹6,00,000 જેવી મોટી રકમ લોન તરીકે આપવાની આર્થિક ક્ષમતા નહોતી. વળી, ફરિયાદ પક્ષે અન્ય લોકો સામે પણ આવા જ કેસો કર્યા હતા અને તેઓ આરોપીના અન્ય એક વ્યવહારમાં સાક્ષી હતા જ્યાં આરોપીને ₹15 લાખ મળ્યા હતા, જે સૂચવે છે કે આરોપીને લોન લેવાની જરૂર નહોતી. આ સંજોગોએ ફરિયાદ પક્ષના દાવા પર ગંભીર શંકા ઊભી કરી હતી. સર્વોચ્ચ અદાલતે ઠેરવ્યું કે "હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના તર્કબદ્ધ નિર્ણયને ઉલટાવવામાં ભૂલ કરી હતી, કારણ કે આરોપીએ પોતાનો બચાવ મજબૂત રીતે રજૂ કર્યો હતો."

આ ઓથોરીટી રજુ રાખી આરોપી પક્ષે દલીલ કરેલ છે કે, આ ઓથોરીટી અત્રેના કેસની હકીકતો જોતા બરાબર લાગુ પડે છે. આ ઓથોરીટી સંદર્ભે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં, આરોપીપક્ષે કહેવાતો ચેક ફ્રીયાદી પાસે કેવી રીતે ગયો તે અંગે કોઈ રીબર્ટલ પુરાવો આપેલ નથી. તે ચેક વી.સી પેટે આપવામાં આવેલ હોય તેવો કોઈ જ પુરાવો આરોપીપક્ષ રજુ રાખી શકેલ નથી. કહેવાતા તકરારી ચેક ઉપર આરોપીની સહી છે. તે ચેક આરોપીના ખાતાનો છે. આ ચેક ફ્રીયાદીએ આપેલ રકમ અનુસંધાને આરોપીએ આપેલ છે. જે નાણા ફ્રીયાદીના ખાતામાંથી તેમના માણસે ઉપાડેલ અને તે નાણા આરોપીને આપેલ હોવાની હકીકત સબંધી બેંક ખાતાની એન્ટ્રીઓ ફ્રીયાદીએ રજુ કરેલ છે. આમ, ફ્રીયાદીએ તેમનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ રાખી કહેવાતો વ્યવહાર સાબિત કરેલ છે. તેનાથી વિરૂધ્ધ આરોપી તેમના બચાવ સબંધેની સંભાવનાની પ્રબળતા સ્થાપિત કરી શકેલ નથી. જેથી આરોપીની દલીલ માનવા લાયક જણાતી નથી.

(૧૭) આમ, આરોપી જયારે પોતાનાં ચેક પરની સહી તથા ચેક ઈસ્યુ કરેલ હોવાની હકિકતનો ઈન્કાર કરતા ન હોય ત્યારે કાયદેસરની લેણી રકમ પેટે તકરારી ચેક આપેલ હોવાનું કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવામાં આવે છે. વધુમાં આ કામે **આંક–૦૮** વાળી લીગલ નોટીસ આરોપીને રજી. પો. એડી. થી બજી ગયેલ હોવા છતા આરોપી તરફે કોઈ જવાબ આપી બચાવ લેવામાં આવેલ નથી, જેથી પણ ફરીયાદીની ઉલટતપાસમાં લેવામાં આવેલ બચાવ ઈન્કાર સ્વરૂપનો હોવાનું પ્રથમદર્શને માનવાને કારણ રહે છે. ધી નેગો. એકટનાં પ્રબંધો મુજબ કાયદાકીય અનુમાનો કલમ–૧૩૯ તથા ૧૧૮ મુજબ ફરીયાદીનાં લાભમા કરવાનાં હોવાથી આરોપી ઉપર તે અનુમાનો ખંડન કરતો ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો બોજો રહેલ છે. આરોપી તરફે અનુમાનોનું ખંડન કરતો કોઈ ખં ડનાત્મક પુરાવો આ કામે રજુ થયેલ હોય તેવું રેકર્ડ ઉપરનાં પુરાવાથી જણાતું નથી. વધુમાં બચાવપક્ષે પોતાનો તકરારી ચેક કોઈ કાયદેસરનાં લેણા કે જવાબદારી પેટેનો ન હોવાની હકિકત સાબીત કરવાનો બોજો આરોપીપક્ષ ઉપર રહેલ હોવા છતા બચાવપક્ષ આ કામે તે હકિકત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું રજુ થયેલ પુરાવાથી પ્રથમદર્શને ફલીત થાય છે. આ કામે ફરીયાદીની સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતા પણ **આંક–૦૬** વાળો તકરારી ચેક કોઈ કાયદેસરની જવાબદારી કે લેણા પેટેનો આરોપીએ આપેલ ન હોવાની હકિકત સાબીત થતી નથી. આમ બચાવપક્ષ કાયદાકીય અનુમાનોનુ ખંડન કરવામાં પણ નિષ્ફળ ગયેલ હોવાનુ પ્રથમદર્શને પુરવાર થાય છે. એથી વિરુધ્ધ ફરીયાદી તરફે પોતાની ફરીયાદના સમર્થનમાં રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં ફરીયાદવાળો વ્યવહાર આરોપી સાથે થયેલ હોવાનું અને તે પેટે આરોપીએ વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનું અને તે ચેક ''ફંડ ઈનસફીસીયન્ટ'' ના કારણે પરત ફરેલ હોવાનું અને તેની જાણ લીગલ

નોટીસથી આરોપીને કરવા છતાં તે નોટીસ મળી જવા છતાં તેની સમયમર્યાદામાં આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી ઉપર મુજબની તમામ ચર્ચા તથા હકીકતો અને સંજોગો ધ્યાને લઈ **મુદ્દા નં. ૧** નો મારો નિર્ણય **હકારમાં** આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

<u>–:હુકમ:–</u>

આ કામનાં આરોપી **અબ્દુલ રસીદ મહમદભાઈ ખભરાટ,**રહે. મદની સોસાયટી, પાણીની ડાંકી સામે, મેઘરજ, તા.મેઘરજ, જી. અરવલ્લીનાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનું કામ આરોપીને સજાનાં મુદ્દે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા. ૦૭ મી, માહે : મે, સને : ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૭/૦૫/૨૦૨૬ સ્થળ : મેઘરજ	**(જે. વી. અઢીયા)** એડી.સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક., મેઘરજ કોડ નં. જી.જે. ૦૧૪૦૮

-:સજા અંગે સાંભળ્યા:-

(૧૮) આ કામે આરોપીનો પોકાર કરાવતા હાજર છે તથા આરોપી તરફે વિ.વ.શ્રી હાજર થઈ પોતાની રજુઆત કરેલ છે કે, હાલમાં આરોપીની ઉંમર તથા આર્થિક સ્થિત તથા અન્ય જવાબદારીઓ ધ્યાને લેતા તેમજ આ કામનાં આરોપી અગાઉ કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય, આરોપી ઉપર દયાભાવ રાખી ઓછામાં ઓછી સજા તથા દંડનો હુકમ કરવા અરજ કરેલ છે.

ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી હાજર થઈ પોતાની રજુઆત કરેલ છે કે, આરોપી સામેનો ગુનો પ્રથમદર્શને સાબીત થયેલ હોય, આરોપીને મહતમ સજા કરી ચેકથી બમણી રકમનો દંડ કરી વળતર અપાવવા અરજ કરેલ છે.

(૧૯) બંને પક્ષકારો તરફેની રજુઆતો સાંભળી. ફરીયાદપક્ષ તરફે કાયદામાં જણાવેલ મહતમ સજા કરવા રજુઆત કરેલ છે. જયારે બચાવપક્ષે આરોપીને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. સદર ગુનાનો પ્રકાર ધ્યાનમાં લેતાં, આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. વળી, આજના સમયમાં આ પ્રકારના કેસો દિનપ્રતિદિન વધી રહેલાં છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુળભુત હેતુ, સમાજમાં નાણાંકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાય રહે, તે માટે જ આ કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનો હળવો છે તેમ માની શકાય તેમ નથી. સદર કેસની કાર્યવાહી પૂર્ણ કરવામાં વિતી ગયેલ સમય ધ્યાને લેતાં કાયદા મુજબ ચેકની રકમનો દંડ કરવા તથા તે રકમ ફરીયાદીને વ્યાજ સહીત વળતર તરીકે આપવાનો હુકમ કરવામાં આવે તો

ન્યાયનો હેતુ જળવાઈ તેમ જણાય છે. આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીને નહીં હળવી કે નહીં મહતમ પરંતુ તે બે વચ્ચેની સજા તથા ચેકની રકમનો દંડનો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ હોય, જેથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

<u>-:: આખરી હુકમ ::-</u>

(૧) આ કામનાં આરોપી **અબ્દુલ રસીદ મહમદભાઈ ખભરાટ,** રહે. મદની સોસાયટી, પાણીની ડાંકી સામે, મેઘરજ, તા.મેઘરજ, જી. અરવલ્લીનાને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ-૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીને વાદગ્રસ્ત ચેકની રકમ રૂા. ૫,૭૦,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ લાખ સીત્તેર હજાર પુરા) નો આથી દંડનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર દંડની રકમ ફરીયાદીને ફરીયાદની તારીખથી વાર્ષિક ૯ % નાં વ્યાજ સહીત વળતર તરીકે પરત ચુકવી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ **તારીખ : ૦૭ મી, માહે : મે, સને : ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૭/૦૫/૨૦૨૬ સ્થળ : મેઘરજ	**(જે. વી. અઢીયા)** એડી. સીવીલ જજ અને જયુડી. મેજી. ફ. ક., મેઘરજ કોડ નં. જી.જે. ૦૧૪૦૮